# ડીસા પંથકમાં બટાકા કાઢવાના શ્રીગણેશ

## સારા ભાવોને લઈ ખેડૂતોમાં ઉત્સાહ બજારોમાં પણ તેજીનો આશાવાદ છવાયો



ડીસા, તા. ૭

બટાકા નગરી તરીકે સમગ્ર દેશમાં ખ્યાતિ પામેલ ડીસા પંથકમાં છેલ્લા પાંચ વર્ષથી બટાકાના ભાવમાં મહા મંદી જોવા મળી હતી. જેથી વેપારીઓ સાથે ખેડૂતો પણ પાયમાલ થઈ જતા આપઘાતના બનાવો પણ બનવા પામ્યા હતા જેના કારણે ચાલુ સાલે બટાકાનું વાવેતર ગત વર્ષની સરખામણીએ ઓછું થવા પામ્યું છે પરંતુ બટાકાના પાકને અનુકુળ ઠંડી પડતા પાકમાં રોગચાળો પણ આવ્યો નથી અને હવે વહેલા પાકતા બટાકા કાઢવાનું શરૂ થતાં ઉતારો પણ વધુ આવતા ખેડૂતોમાં આનન્દ સાથે ઉત્સાહ છવાયો છે. વળી અમદાવાદ ખાતે બટાકાના ભાવો પ્રતિ મણ ૩૫૦ થી ૪૦૦ રૂ. જેટલા રહેતા ખેડૂતોમાં ખુશી ફેલાવા પામી હતી અને બમણા ઉત્સાહથી ખેડૂતોએ બટાકા કાઢવાના શ્રીગણેશ કરી દીધા છે. તેથી છેલ્લા પાંચ વર્ષથી મંદીનો માર સહન કરતા ધરતીપુત્રોમાં આ વર્ષે નવી આશાનો સંચાર થયો છે જેના પગલે બજારમાં પણ તેજી રહેશે તેવો આશાવાદ જોવા મળી રહ્યો છે.

# વિજયનગર તાલુકાના ટીંટારણ-રાજપુર-સરસવ-ખોખરા બોર્ડર સુધીનો માર્ગ બિસ્માર



ભિલોડા,તા.૭

વિજયનગર તાલુકાના ટીંટારણ-રાજપુર-સરસવ-ખોખરા બોર્ડર સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં હોઈ પ્રજાજનો અને વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.માર્ગ ઉપર મસમોટા ગાબડા પડી ગયા હોવા છતાં જવાબદાર તંત્રને વારંવાર રજુઆત કરવા છતા અધિકારીઓ આંખ આડા કાન ધરતા હોવાથી વાહન ચાલકો દિન-પ્રતિ-દિન ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.બિસ્માર માર્ગ સંદર્ભે સામાજીક અગ્રણી ઈશ્વરભાઈ પટેલ ધ્વારા મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરાઈ છે.તાજેતરમાં માર્ગ રોકો આંદોલન કરવાની ચિમકી ગ્રામજનો ધ્વારા ઉચ્ચારી હતી પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ માર્ગનું સમારકામ હાથ ધરવાની મૌખિક સંમતિ આપતા આંદોલન મુલતવી રહ્યું હતું.બિસ્માર માર્ગનું સત્વરે સમારકામ થાય તેવી પ્રજાજનો આશા સેવી રહ્યા છે.

ગુજરાત-રાજસ્થાન રાજ્યને જોડતો માર્ગ વાહન વ્યવહાર માટે ખુબ જ લાભદાયી છે.અધિકારીઓ ધ્વારા છેલ્લા દોઢ માસથી પ્રજાજનોને આશ્વાસનો અપાઈ રહ્યા છે.માર્ગ પરના ખાડા સત્વરે પુરવામાં આવે,સાઈડોનું કટીંગ કરીને સમારકામ હાથ ધરાય તેમ વાહન ચાલકો,પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.આગામી સમય દરમ્યાન માર્ગનું સમયસર કામકાજ હાથ નહી ધરાય તો રાજપુર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોના જાગૃત પ્રજાજનો અને વાહન ચાલકો ભુખ હડતાલ પર ઉતરશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.ટીંટારણ,રાજપુર,સરસવ,ખોખરા બોર્ડર સુધીના માર્ગનું સત્વરે સમારકામ હાથ ધરાય તેવી પ્રજાજનો આશા સેવી રહ્યા છે.

# સાયરા ગામ નજીકથી યુવતીની ઝાડ પરથી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવેલ મૃતદેહ પ્રકરણ

## ૪ શખ્સો સામે ૬૦ કલાક પછી 'રેપ વિથ મર્ડર' નો ગુન્હો નોંધાયો

મોડાસા, તા. ૭

મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય કોલેજમાં અભ્યાસ કરતી "નિર્ભયા" ૫ દિવસ અગાઉ ગુમ થઈ હતી રવિવારે સવારે સાયરા ગામની સીમમાં વડના ઝાડ પરથી લટકતી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી મૃતક યુવતીના પરિવારજનોએ યુવતીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની સાથે ૪ શખ્શોએ સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ કરી યુવતીની લાશ વડના ઝાડ પરથી ઉતારવાની ના પાડતા પહેલા ફરિયાદ નોંધવાની માંગ કરતા એસપી મયુર પાટીલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિવારજનો અને આગેવાનો સાથે સમજાવટ કરતા મૃતક યુવતીની લાશ ઉતારી મોડાસા પીએચસી સેન્ટરમાં પી.એમ.માટે મોકલી દેવામાં આવી હતી.



સોમવારે સવારે અનુ.જાતિ સમાજની યુવતીનું અપહરણ કરી સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની વાત વાયુવેગે પ્રસરતા સામાજિક અગ્રણીઓ અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને ૪ શખ્શો સામે અપહરણ,સામુહિક દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધવામાં આવેની માંગ કરી ગુન્હો નોંધાય પછી પીએમ કરવાની માંગ પર અડગ રહી પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરીના છાજીયા લીધા હતા અને ચારરસ્તા ચકકજામ કર્યો હતો પરિવારજનોની માંગ નહિ સ્વીકારતા મૃતક યુવતીની લાશ સોમવારે પણ અંતિમક્રિયા થી વંચિત રહી હતી સોમવારે રાત્રે હાઈકોર્ટના વકીલ કેવલસિંહ રાઠોડ અને તેમની ટીમે પીડિત પરિવારની મુલાકાત લઈ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન આગળ ધરણા પર ઉતારતા આખરે પોલીસતંત્ર ઝૂક્યું હતું અને ભારે તંગદિલી ભર્યા વાતાવરણમાં ૪ શખ્શો સામે મોડાસા રૂરલ પોલીસે અપહરણ,સામુહિક દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાતા પરિવારજનોએ અને સામાજિક અગ્રણીઓએ પેનલ પીએમ અને વીડિયોગ્રાફી સાથે માંગ સ્વીકારતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસા રૂરલ પોલીસે સાયરા(અમરાપુર) ની ૧૯ વર્ષીય "નિર્ભયા" નું કારમાં અપહરણ કરનાર ૧)બિમલ ભરતભાઈ ભરવાડ(રહે,બાજકોટ),૨) દર્શન ભરવાડ (રહે,પીપરાણા),૩) સતીશ ભરવાડ (રહે,રમણા) અને ૪)જીગર (રહે,ગાજણ) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨,૩૬૬,૩૭૬(ઘ), ૫૦૬(૨) અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી

મૃતક "નિર્ભયા" ના પરિવારજનોએ યુવતીનું અપહરણ મોડાસાથી થતા તે અંગે મોડાસા ટાઉન પીઆઈ એન.કે.રબારી ને ૩.૦૧.૨૦૨૦ ના રોજ લેખિત ફરિયાદ આપતા પીઆઈ રબારીએ તમારી દીકરીએ સમાજના દીકરા સાથે લગ્ન કરી લીધા હોવાનું અને તમારી દીકરી સલામત હોવાનું જણાવી આજ રટણ બીજા દિવસે યથાવત રાખતા અને બે દિવસપછી તમારી દીકરીને પરત લઈ જજો જણાવતા પીઆઈ રબારી પર વિશ્વાસ રાખતા દીકરી ગુમાવવાનો વારો આવ્યો હોવાનું અને પીઆઈ રબારી સામે પણ ફરિયાદ નોંધવાની માંગ કરી હતી રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ પરિવારજનો અને સામાજિક અગ્રણીઓને તટસ્થ તપાસ કરવાની બાહેંધરી આપતા પરિવારજનોએ પીઆઈ એનકે રબારી સામે ફરિયાદ નોંધવાની માંગ પડતી મૂકી હતી.

# ઈડરના ચિત્રોડીમાં મહિલા પોલીસ કર્મીને ગાર્ડ ઓફ ઓનર અપાયું

## આણંદ પોલીસ સ્ટેશનમાં. હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં : ટુંકી માંદગી બાદ મૃત્યુ થતાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિધિ




પ્રાંતિજ તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચિત્રોડી ના મહિલા પોલીસ કર્મી આણંદ પોલીસ સ્ટેશન માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં જેવો બીમારી ને લઈને તેવો નું ફરજ દરમ્યાન અવસાન થતાં પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું.

ઈડરના ચિત્રોડી ગામ ના સૂર્યા બેન રાઠોડ અને પ્રાંતિજના જેસગપુરા ખાતે આવેલ દેવકું નર્સરીના માલિક અગરૂભાના ધર્મ પત્ની કે જેવો આણંદ પોલીસ સ્ટેશન માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં જેવો નું બિમારી ને લઈને મૃત્યુ થતાં તેમના મૂળ વતન ચિત્રોડી ખાતે તેમણી અંતિમ વિધિ પહેલા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું તો તેવોની અંતિમ વિધિ માં સગાસંબંધીઓ સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ઈકબાલગઢમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા



પાલનપુર, તા. ૭

બનાસકાંઠા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સોમવારે અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામે ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાંથી તેલ અને મસાલાના સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા.

બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામે ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં અગ્રવાલ પ્રોવિજન સ્ટોર્સના અશોકભાઈ તારાચંદ અગ્રવાલને ત્યાંથી તેલ, જવાલા સ્વીટસના કિરણભાઈ રતનભાઈ પ્રજાપતિને ત્યાંથી સ્વીટ, સુરેશકુમાર પ્રહલાદભાઈ શર્માને ત્યાંથી મસાલના સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. આ દરોડાના પગલે વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં દિવ્યાંગ સાધન સહાય કેમ્પ યોજાયો



ભિલોડા, તા.૭

ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં દિવ્યાંગ સાધન સહાય કેમ્પ યોજાયો હતો.દિવ્યાંગ કેન્દ્ર પાલડી,ભારત વિકાસ પરીષદ,હાટકેશ્વર શાખા ધ્વારા એન.આર.એ. વિદ્યાલયમાં મફત દિવ્યાંગ સાધન સહાય દરમ્યાન હાથ,પગની કાખઘોડી અને ૧૫ ટ્રાયસીકલ દિવ્યાંગોને અપાઈ હતી.

દિવ્યાંગ ભાઈઓ-બહેનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. પાલડી દિવ્યાંગ કેન્દ્ર, હાટકેશ્વર શાખાના હોદ્દેદારો,કારોબારી સભ્યો,ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, નરેશભાઈ પંચાલ, ભરતભાઈ પ્રજાપતિ, કનકસિંહ રાઠોડ, મહિપતસિંહ રાઠોડ, સંજયભાઈ પંચાલ, રામ અવતાર શર્મા, જન સેવા સંઘના ગિરીશભાઈ ઉપાધ્યાય, રોહિતભાઈ ત્રિવેદી, હર્ષદભાઈ ત્રિવેદીએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



હિંમતનગરમાં ખેડ તસીયા રોડ પર આવેલ કિડ્સ સ્કૂલનો એન્યુઅલ ફંક્શન ટાઉનહોલમાં યોજાઈ ગયો જેમાં નાના ભૂલકાઓએ પોતાના ડાન્સ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ને ઉપસ્થિત દર્શકો અને વિધાર્થીઓનું મન મોહી લીધા હતા

# ખેડબ્રહ્મા અંબિકા માતાજીનો પ્રાગટ્ય દિવસ ઉજવાશે



ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા સ્થિત માં અંબિકાનો શુકવાર ના રોજ પોષી પુનમ ના દિવસે પ્રાગટ્ય દિવસ ઉજવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે શુક્રવારના રોજ મોટી સંખ્યા મા યાત્રાળુ ઉમટી પડશે. અને માં આંબાના દર્શન કરી ધન્યતા અનુભવશે શુક્રવાર પોષી પૂનમે માતાજીનો પ્રાગટ્ય દિવસ ઉજવતો હોય માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવશે, પ્રાગટ્ય દિવસ માટે મંદિર ટ્રસ્ટ ધ્વાર મંદિર રોશની અને ફૂલથી શણગારવામાં આવ્યું છે,

પૂનમના દિવસે માતાજીની સવારની આરતી ૬.૩૦ કલાકે કરવામાં આવશે અન્નકૂટ ભરવામાં આવશે. ત્યાર બાદ માતાજીને શણગારેલ રથમાં બિરાજમાન કરી મંદિર પરિષરમાં શોભાયાત્રા કાઢવામાં આવશે ત્યાર બાદ મંદિરના શિખર ઉપર ટ્રસ્ટ ધ્વારા ધ્વજા રોહણ કરવામાં આવશે, ૨.૩૦ અન્નકૂટ ઉત્થાનની કરવામાં આવશે. સાજે આરતી મંડળના સભયો ધ્વારા કેક કાપી ઉજવણી કરવાં આવશે.



**ડીસામાં યોગ ગુરુનું સન્માન...**

ધર્મ નગરી ડીસામાં સ્પોર્ટ્સ કલબના વિશાળ મેદાનમાં યોગ મહોત્સવ ચાલી રહ્યો છે કાતિલ ઠંડી વચ્ચે પણ શરીર પ્રત્યે સભાન ડીસાવાસીઓ તેનો ભરપુર લાભ લઈ રહયા છે આર્ટ ઓફ લિવિંગ પરિવાર આયોજિત આ યોગ મહોત્સવ દરમ્યાન યોગગુરુ શૈલેષભાઈ રાઠોડનું સેવાભાવી શિક્ષક ચંદુભાઈ એ.ટી. ડી. દ્વારા 'દીકરી દેવો ભવ' મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું જે પ્રસંગે પ્રવીણભાઈ સાધુ, બળદેવભાઈ રાયકા, મહેશભાઈ મનવર, અમિત સોલંકી, નરેશભાઈ ઉદેચા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીના આશિષ પટેલને કમાન્ડો તાલીમમાં શ્રર્વશ્રેષ્ઠ કમાન્ડોનું બિરુદ



મોડાસા, તા. ૭

ગુજરાત પોલીસ અકાદમી કરાઈના કમાન્ડો તાલીમ કેન્દ્રમાં તા. ૫ ઓક્ટોબર ૨૦૧૯થી ૪ જાન્યુઆરી ૨૦૨૦ સુધી બેઝીક કમાન્ડો તાલીમ કોર્ષનું આયોજન કરાયું હતુ. જેમાં અરવલ્લી તાલીમ કોર્ષના અંતે લેવાયેલી ફાઈનલ કસોટીમાં ફિઝીકલ અને ઓવરઓલ સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરીને મોડાસા પોલીસ સબ ઈન્સ્પેકટર આશિષકુમાર રમેશભાઈ પટેલે (એ.આર.) ફાઈનલ કસોટીઓમાં બેસ્ટ ફિઝીકલ દ્વિતિય અને બેસ્ટ ઓવર ઓલ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં તેમને પોલીસ મહા નિરીક્ષક આઈપીએસ જી.એલ.સિઘલ દ્વારા પ્રસંશાપત્ર આપીને સન્માનિત કરાયા હતા. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં આનંદ છવાયો હતો

# પાલનપુરમાં ઠપકો આપવાના મુદ્દે મામલો બિચકતાં હૂમલો

## સામસામે ૧૧ શખ્સો સામે ફરિયાદ

પાલનપુર, તા. ૭

પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં ઠપકો આપવાના મુદ્દે મામલો બિચકતાં તિક્ષ્ણ હથિયારો વડે હૂમલો થયો હતો. જેમાં સામસામે ૧૧ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં ઉત્તેજના પ્રસરાવનારી ઘટનાની વિગતો એવી છે કે, ઢુંઢીયાવાડીમાં રહેતા યશ અમરસિંગ ઠાકોરના મિત્ર પ્રકાશ સેંગલને જેમતેમ બોલવાના મુદ્દે વસંતભાઈના જમાઈ તથા તેમના દિકરા પૃથ્વીએ ઠપકો આપેલ તેની અદાવત રાખી રવિવારે રાત્રે પૃથ્વી વસંતભાઈ, વસંતભાઈ આકેડીવાલા, તેમની પત્નિ, નેન્સી વસંતભાઈ અને પાલનપુરના મોટીભટામલના અનિલભાઈ માંગરોળા ઉસ્કેરાઈ જઈ ધોકા તેમજ ચપ્પુથી હૂમલો કર્યો હતો. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે યશ ઠાકોરે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામે પક્ષે વસંતભાઈ રામાભાઈ આકેડીવાળાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેમની દીકરીને અગાઉ પ્રકાશ સેંગલે કંઈક કહ્યું હતુ. તેથી તેમના જમાઈએ પ્રકાશ સેંગલને ઠપકો આપ્યો હતો. આથી તેનું ઉપરાણું લઈ વરૂણ અમરસિંહ ઠાકોર, અવિનાસ સુરેશભાઈ ઠાકોર, સુનિલ કાળુભાઈ ઓડ, યશ અમરસિંહ ઠાકોર, અર્જુન ઉર્ફે ભીમો ઠાકોર, લલી ઉર્ફે લલીતભાઈ વનરાજભાઈ ઠાકોર ધોકા- પાઈપ જેવા હથિયારો લઈ એકટીવાની તોડફોડ કરી હતી. તેમજ ઘરમાં પ્રવેશ કરી મોબાઈલ સહિતની ચિજવસ્તુઓ તોડી રૂપિયા ૨૦,૦૦૦નું નૂકશાન પહોચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ અંગે સામસામે નોંધાયેલી ફરીયાદના આધારે પોલીસે કુલ ૧૧ શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્માના વરતોલમા દારૂનો નાશ કરાયો



ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામની સીમમાં પોશીના અને ખેરોજ પોલીસ સ્ટેશનનો રૂ ૭૦ લાખનો વિદેશી દારૂ નાશ કરાયો હતો. ખેડબ્રહ્મા તાલુકા ની વરતોલ ગામની સીમમાં મંગળવારે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ખેરોજ પોલીસ સ્ટેશનના ૭૮ ગુનામા પકડાયેલ ૩૦૬૯૦ બોટલ અને પોશીના પોલીસ સ્ટેશનના ૩૧ ગુનામા પકડાયેલ ૨૧૫૮ બોટલ વિદેશી દારૂને ખુલ્લા મેદાનમાં ગોઠવી તેના પર રોડ રોલર ફેરવી નાશ કરાયો હતો.

જ્યારે આ નાશ કરવાના કાર્યક્રમ દરમ્યાન તકનો લાભ લેવા એક ઈસમે ખાનગી ગાડીમાં દારૂની પાંચ પેટી સેરવી ડીકીમાં મૂકી દીધી હતી આ સમયે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીની ની બાજનજરે ધ્યાને આવતા તાત્કાલિક ધોરણે ગાડી ચેક કરાવી ખાલી કરાવી હતી.અને દારૂ ને લઈ ને પંચ નામા માં નોંધાઈ હતી

# પાલનપુરમાં જુદાજુદા બે સ્થળોએ જુગાર રમતાં ૧૧ શખ્સો ઝડપાયા

પાલનપુર, તા. ૭

પાલનપુરમાં જુદાજુદા બે સ્થળોએ જુગાર રમતાં ૧૧ શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. જેમની પાસેથી જુગાર રમવાનું સાહિત્ય સહિત કુલ રૂપિયા ૧૬,૪૧૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પાલનપુર શહેરના પારપડા રોડ શિવમહેલ સોસાયટી પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પશ્ચિમ પોલીસ મથકની ટીમ ત્રાટકી હતી. જ્યાં જુગાર રમતાં ચાર શખ્સોને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી રૂપિયા ૪૪૪૦, રૂપિયા ૪૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૮,૪૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જ્યારે પૂર્વ પોલીસ મથકની ટીમે શહેરના ત્રણબત્તી હુસેની ચોક વિસ્તારમાં ઓચિંતો છાપો માર્યો હતો. મુનીરભાઈ બિસ્મિલ્લાખાન નાગોરીના મકાનમાં જુગાર રમતાં સાત શખ્સોને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૦,૪૧૦, રૂપિયા ૨૦૦૦ના મોબાઈલ ફોન નંગ ત્રણ મળી કુલ રૂપિયા ૧૨૪૧૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જુગારના બંને કેસોમાં પોલીસે કુલ રૂપિયા ૨૦,૮૫૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.